# 2nd meeting of the India-Central Asia Dialogue

October 27, 2020

## ભારત-મધ્ય એશિયા સંવાદની 2જી બેઠક

ઓક્ટોબર 27, 2020

1. ભારત-મધ્ય એશિયા સંવાદની 2જી બેઠક 28 ઓક્ટોબર 2020 નાં રોજ ડિજિટલ વિડીયો-કોન્ફરન્સ ફોર્મેટમાં યોજવામાં આવશે. ભારત, કઝાખસ્તાન, તાજિકિસ્તાન, તુર્કમેનિસ્તાન અને ઉઝબેકિસ્તાનનાં વિદેશ મંત્રીઓ તથા કીર્ગીઝ ગણરાજ્યનાં પ્રથમ ઉપ વિદેશ મંત્રી આ બેઠકમાં ભાગ લેશે. ઈસ્લામિક ગણરાજ્ય અફઘાનિસ્તાનનાં કાર્યકારી વિદેશ મંત્રી પણ વિશેષ આમંત્રિત તરીકે આ બેઠકમાં હાજરી આપશે.

2. આ મંત્રીઓ રાજકીય, સુરક્ષા, આર્થિક અને વાણિજ્યિક, માનવીય અને સાંસ્કૃતિક ક્ષેત્રો સહિતનાં ક્ષેત્રોની વ્યાપક બાબતો પર તેમજ પારસ્પરિક હિતનાં પ્રાંતિય અને આંતરરાષ્ટ્રિય મુદ્દાઓ પર દ્રષ્ટિકોણોનું આદાનપ્રદાન કરશે. આ મંત્રીઓ કનેક્ટિવિટી અને પ્રાંતમાં વિકાસ ભાગીદારીઓનો પ્રચાર કરવા પર વિશેષ મનોમંથન કરશે.

3. ભારત-મધ્ય એશિયા સંવાદની ઉદ્દ્ઘાટન બેઠક ભારત અને ઉઝબેકિસ્તાન દ્વારા સંયુક્ત રીતે 13 જાન્યુઆરી 2019 નાં રોજ સમરકંદ (ઉઝબેકિસ્તાન) માં યોજવામાં આવી હતી. આને ભારત અને મધ્ય એશિયાનાં દેશો વચ્ચે સહકાર મજબૂતીકરણ માટે એક મંચ તરીકે ધારણ કરવામાં આવ્યો હતો.

**નવી દિલ્હી**
**ઓક્ટોબર 27, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.